ગાંધીનગર સમાચાર

સિવિલમાં નવી બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોર પર ટોઈલેટ બંધ

# સે-૧ ૩માં બાળક હિંચકો ખાશે તો સીધુ હોસ્પિટલે જશે

## સેકટરના એક 'ખાસ' ચોકઠા નજીક લગાડાયેલા રમતગમતના સાધનો હિંચકા-લપસણી-ચકરડી વગેરે બાળકો માટે જોખમી : પથ્થરો, ઈંટોના રોડા અને કપાયેલા ઝાડના ઠુંઠા હટાવાયા વગર જ સાધનો લગાડી દેવાતા રોષની લાગણી

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર મહાનગર પાલિકાના કોર્પોરેટર્સની ગ્રાન્ટમાંથી તમામ સેકટરોમાં નાના ભૂલકાઓ માટે રમતગમતના સાધનો જેવા કે હિંચકા, લપસણી, ચકરડી અને ઉંચકનીચક વગેરે મુકવામાં આવી રહ્યાં છે. કેટલીક જગ્યાએ મેયર તથા સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેની ગ્રાન્ટમાંથી પણ આ સાધનો મુકવામાં આવ્યા છે. મોટા ભાગના સેકટરોમાં આ રમતના સાધનો બગીચાઓમાં અથવા તેની નજીક મુકવામાં આવ્યા છે પરંતુ સે-૧૩માં આ સાધનો કેટલાક રહેણાંક મકાનોના ચોકઠા પાસે લગાડી દેવાયા છે. એટલું જ નહી પરંતુ અહીં જગ્યાને સાફ કર્યા વગર જ સાધનો લગાડી દેવાયા છે જેના કારણે પત્થરો અને કપાયેલા વૃક્ષોના થડ વગેરેથી બાળકોને ગંભીર ઈજાઓ થાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. અહીં રમવા આવેલા બાળકોને સીધા હોસ્પિટલ લઈ જવા પડે તેવી સ્થિતિમાં સાધનો લગાડી વસાહતીઓ અને બાળકોની લાગણીઓ સાથે રમત કરી હોય તેવું લાગી રહ્યું છે.

જયાં હિંચકા, લપસણી વગેરે લગાડવાના હોય તે જગ્યાની પહેલા સફાઈ કરવી જરુરી છે અને ત્યાં બાળકો પડે તો તેને વાગે નહીં તે માટે માટી પણ પાથરવી જરુરી હોય છે. સે-૧૩માં લગાડાયેલા સાધનો તે જગ્યાની સાફ સફાઈ કર્યા વગર જ લગાડી દેવાયા છે અને અહીં અસંખ્ય નાના-મોટા પત્થરો, ઈંટો, કપાયેલા ઝાડના ઠુંઠા વગેરે જેમના તેમ હોવાથી બાળકોને રમતા ગંભીર ઈજા થવાની પુરેપુરી શકયતા છે. લસપણી એવી રીતે લગાડાઈ છે કે જેવું બાળક લપસીને ઝડપથી નીચે આવે તેવું જ ઝાડના ઠુંઠા સાથે ભટકાઈ પડે અને હીંચકા, ચકરડી વગેરેની તદ્દન નીચે અને ચોતરફ ગંદકી સાથે મોટા મોટા પથ્થરો અને ઈંટોના રોડાં પથરાયેલા છે. આ પરિસ્થિતિમાં જો કોઈ બાળક પડી જાય તો તેને સીધું હોસ્પિટલ જ લઈ જવું પડે તેવી પુરેપુરી શકયતા છે. શું આ સાધનો લગાડનાર કારીગરો કે લગાડાવનાર સત્તાધીશોને આટલું દેખાયું નહીં હોય?



(તસવીર : કશ્યપ નિમાવત)



વળી, આ સાધનો રહેણાંક વિસ્તારના જે ચોકઠા આગળ લગાડી દેવાયા છે ત્યાં કેટલાક 'ખાસ' રહીશોને ખુશ કરવા લગાડાયા હોવાનું આસપાસના ચોકઠાના રહીશોમાં ચર્ચાઈ રહ્યું છે. ખરેખર તો સેકટરના બગીચામાં અતવા તેની નજીક લગાડવા જોઈએ તેવી ચર્ચા સાથે રહીશો આ સાધનો લાગતા વળગતાઓને ખુશ કરવા 'ખાસ' જગ્યાએ લગાડાયા હોવાની કાનાફૂસી કરી રહ્યાં છે. જો કે આ સાધનો જે રીતે લગાડાયા છે તે જોતા કોઈ પણ બાળક અહીં રમવા જવાનું પસંદ કરશે કે કેમ તે શંકા છે. અગર બાળક તેના બાળ સહજ સ્વભાવના કારણે રમવા જવાનું પસંદ કરે તો પણ તેના મા-બાપ આવી જોખમી જગ્યાએ રમવા જવા દેશે તે શકયતા તદ્દન નહીવત છે. કારણકે હીંચકા-લપસણી-ચકરડી વગેરેમાં માત્ર કુમળી વયના નાના બાળકો જ રમતા હોય છે તેમને આ ઈંટો-પથ્થર અને ઝાડના ઠુંઠા ભારે ઈજા પહોંચાડી શકે તેમ હોવાથી કોઈ પણ માવતર આ જોખમ ના લે તે સ્વાભાવિક છે.

આ રમતના સાધનો હવે લગાડી દેવામાં જ આવ્યા છે તો તેની આસપાસની જગ્યાની સત્વરે સફાઈ કરાવી ત્યાંથી ઝાડના ઠુંઠાઓ દૂર કરી બાળકોને પડી જાય તો વાગે નહીં તે માટે માટી પાથરવાનું કાર્ય ઝડપથી હાથ ધરાય તેવી આ વિસ્તારના નાગરિકોમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.

## @ગાંધીનગર

● ગાંધી મિત્ર વર્તુળ દ્વારા શનિવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સે-૨૨ ખાતે બેઠક યોજાશે.

● સેકટર-૨૩ કડી કેમ્પસના અશ્વિનભાઈ કોમર્સ કોલેજ ખાતે બપોરે ૨.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે.

● ગાંધી જિલ્લા પ્રજાપતિ સંઘ શિક્ષણ સમિતિ દ્વારા બપોરે ૨.૦૦ કલાકે સે-૧૧, ગુજરાત નગરપાલિકા પરિષદ ભવન ખાતે સ્નેહમિલન સમારોહ યોજાશે.

● ગાંધી મિત્ર વર્તુળ દ્વારા સવારે ૯.૦૦ કલાકે સમર્પણ આર્ટસ કોલેજ સેકટર-૮ ખાતે ગાંધી જીવન દર્શન વિશે વાર્તાલાપ યોજાશે.

● એન.એસ.ડી.એલ. તથા એ.એસ.ઈ. કેપીટલ માર્કેટસ દ્વારા સે-૧૭, સ્ટાફ ટ્રેનીંગ કોલેજ ખાતે સવારે ૯.૪૫ કલાકે રોકાણકાર જાગૃતિ સેમિનાર યોજાશે.

● વિશ્વા મૈત્રીધામ બોરીજ જૈન તીર્થ ખાતે સવારે ૯.૦૦ કલાકે અર્હદ્ મહાપુજનનો પ્રારંભ તથા સાંજે ૭.૦૦ કલાકે માતૃ-પિતૃ ઋણમુકિત વંદનાનો કાર્યક્રમ યોજાશે.

**- નજાહખાનમ સૈયદ**

## ઈન્ફોસીટી સ્કૂલના વિદ્યાર્થીઓ પ્રવાસે

ગાંધીનગર, તા.૨૨

ઈન્ફોસીટી સ્કૂલના અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના ધોરણ-૬ થી ૯ના તમામ વિદ્યાર્થીઓને તારીખ ૨૨-૧-૨૦૧૬ને શુક્રવારના રોજ મહેસાણા ખાતે તિરૂપતી નેચરલ પાર્ક, વિસનગરના પ્રવાસે લઈ જવામાં આવ્યા હતા. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તિરૂપતી નેચરલ પાર્કમાં વિવિધ પ્રકારની રાઈડસ તથા નૌકાવિહાર પણ હતું. આ રાઈડસમાં બેસવાથી વિદ્યાર્થીઓએ ખૂબ જ આનંદ મેળવ્યો હતો. ત્યાર બાદ અલ્પાહારનું આયોજન કરવામાં આવ્યું હતું. અને પ્રવાસ પૂર્ણ કરી ૨.૩૦ વાગે તેઓ પરત ફર્યા હતા.

મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા સર તથા પ્રમુખ વૈષ્ણવ સરના સહકારથી પીકનીકમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ આનંદ મેળવ્યો હતો. આ પ્રવાસ અંગ્રેજી માધ્યમના સુપરવાઈઝર દિપ્તી મેડમ અને ગુજરાતી માધ્યમના પ્રિન્સીપાલ પ્રવિણા મેડમના નેતૃત્વ હેઠળ સફળ રહ્યું હતું.

## પ્રશંસનીય કામગીરી બદલ ૩૮ને પ્રજાસત્તાક દિને ચંદ્રક એનાયત કરાશે

### ગાંધીનગરના ચાર હોમગાર્ડ અધિકારીને મુખ્યમંત્રીના ચંદ્રક અને એક ગ્રામ રક્ષક દળના અધિકારીને રાજયપાલના ચંદ્રકથી સન્માનીત કરવામાં આવશે

ગાંધીનગર, તા.૨૨

વ્યકિતગત હિંમત તથા શૌર્યની કામગીરી તથા લાંબી પ્રશંસનીય વિશિષ્ટ સેવા બદલ રાજયપાલ અને મુખ્યમંત્રીના ૩૮ ચંદ્રકો ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિને એનાયત કરવામાં આવશે. રાજયપાલના બે અને મુખ્યમંત્રીના ૩૬ મળીને કુલ ૩૮ ચંદ્રકો જાહેર કરવામાં આવ્યા છે જે ૨૬ જાન્યુઆરીના રોજ એનાયત કરી ૩૮ને સન્માનીત કરવામાં આવશે.

૩૮ પૈકી ગાંધીનગરના પાંચ અધિકારી/સભ્યોનો સમાવેશ થયો છે. જેમાં જિલ્લા માનદ અધિકારી, ગ્રામ રક્ષક દળ ગાંધીનગરના ડૉ. નિખિલકુમાર બી. શાહને રાજયપાલનો ચંદ્રક એનાયત કરવામાં આવશે.જયારે ગાંધીનગરના ચાર હોમગાર્ડ અધિકારી આસી. સેકશન લીડર રામજીભાઈ એમ. રાઠોડ, સેકશન લીડર વિષ્ણુભાઈ પી. ચૌહાણ, પ્લાટુન કમાન્ડર કાંતિભાઈ આર. ડાભી અને ગોવિંદભાઈ એમ. પટેલને મુખ્યમંત્રીના ચંદ્રકો એનાયત કરવામાં આવશે.

## સિવિલમાં નવી બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફલોર પર ટોઈલેટ બંધ

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર સિવિલ હોસ્પીટલના નવા બિલ્ડીંગમાં ભોંયતળીએ આવેલા સ્પેશીયલ વોર્ડની બહાર ગટરો ઉભરાતી હતી. ઉભરાતી ગટરો બંધ ન કરી શકતા તંત્રએ સ્પેશીયલ વોર્ડની બાજુમાં ગ્રાઉન્ડ ફલોર પર આવેલ ટોઈલેટને તાળા મારી દીધા છે. ટોઈલેટ બંધ રહેતા હોસ્પિટલમાં આવતા મુલાકાતીઓને ભારે પરેશાની વેઠવાનો વારો આવે છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પીટલ બનતા દર્દીઓને મળતી માળખા કીય સુવિધામાં વધારો થવા પામ્યો છે. સારવાર માટે આવતા દર્દીઓથી ઓપીડી વિભાગ છલકાય છે. જયારે મેડીકલ કોલેજને પગલે ૬૦૦ બેડની સુવિધા ઉપ્લબ્ધ કરવામાં આવી છે. આઠ માળની નવી ઈમારતમાં વિવિધ વોર્ડમાં ઈન્ડોર દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. સિવિલમાં પહેલા ગણ્યાં ગાંઠયા સ્પેશીયલ રુમ હતા જયારે અત્યારે ગાંધીનગર હોસ્પિટલમાં અધ્યતન આધુનિક સ્પેશીયલ વોર્ડ બનાવવામાં આવ્યો છે. સ્પેશીયલ વોર્ડ હંમેશા બન્યો ત્યારથી ચર્ચામાં રહેવા પામ્યો છે. વોર્ડની બહાર ગટરો ઉભરાતા દર્દીઓ હેરાન પરેશાન થઈ ગયા હતા. પોતાનું સ્વાસ્થય સુધારવા માટે આવેલા દર્દીઓ અહીં આવીને વધુ બિમાર પડે તેવી પરિસ્થિત ઉભી થવા પામી હતી. દદી તેમજ સગાઓ દ્વારા તંત્ર સમક્ષ વારંવાર ફરિયાદો કરવામાં આવતા ગટરો ઉભરાતી બંધ કરવાની જગ્યાએ ગ્રાઉન્ડ ફલોર પર આવેલ ટોઈલેટને તાળા મારી દીધા છે. હોસ્પિટલમાં ગ્રાઉન્ડ ફલોર પર ટોઈલેટ બંધ કરાતા સ્ટાફના કર્મચારીઓ તેમજ મુલાકાતીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. સ્પેશીયલ વોર્ડમાં આવેલા બે રુમ તેમજ ટોઈલેટને કારણે ગટરો ઉભરાતા તમામને લોક મારી દેવામાં આવ્યા છે. ગ્રાઉન્ડ ફલોર પર આવેલ ટોઈલેટના તાળા તંત્ર દ્વારા ખોલવામાં આવે તેમ સ્ટાફ અને મુલાકાતીઓ ઈચ્છી રહ્યા છે.



## વાતવાતમાં

● ગાંધીનગરમાં યોજાયેલ સ્પીકર્સ કોન્ફરન્સને કારણે ચ રોડ પર સાયરનો ગુંજી ઉઠી હતી. વીવીઆઈપી મહેમાનોને લાવવાના બંદોબસ્ત માટે દોડતા પાયલોટ તથા એસ્કોર્ટ વાહનોની સાયરનોના કારણે આ રોડની બંને તરફના રહીશો પ્રભાવિત થયા હતા.

● ગાંધીનગરમાં ૨૨ નગરપાલિકાના ફાયર ઓફિસરો તથા ફાયરમેનોની એક બેઠક યોજાઈ હતી. જેમાં ફાયર એકટના સઘન અમલીકરણ માટે ચર્ચા હાથ ધરાઈ હતી. આ બેઠક તાજેતરમાં બદલી પ્રાપ્ત રિજીયોનલ ફાયર ઓફિસર મહેશ મોઢના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી.

● રાજયના પોલીસ વડાએ અલગ અલગ જિલ્લાના પાંચ પી.આઈ. અને પાંચ પીએસઆઈની વિવિધ પોલીસ તાલીમ શાળાઓમાં બદલી કરી છે. પોલીસની તાલીમમાં વધુ અસરકારકતા આવે તેવા આશયથી આ બદલીઓ કરાઈ હોવાનું જણાઈ રહ્યું છે.

● ગાંધીનગરના ખ-૭ નજીક સમર્પણ કોલજેનું નવું અદ્યતન બિલ્ડીંગ તૈયાર કરાયું છે. આ બિલ્ડીંગ ખાતે કુંભ સ્થાપન વિધિ તથા ગાયત્રી યજ્ઞનું આયોજન હાથ ધરાયું હતું.

● નગરમાં સાફ સફાઈ બાબતે જાણે 'ચ' રોડ અને 'જ' રોડ પર જ હેત વરસાવાઈ રહ્યું છે તેવો નગરજનોને આભાસ થઈ રહ્યો છે. શહેરના બાકીના મુખ્ય માર્ગોના સાઈડ સોલ્ડર્સની સફાઈ પર પુરતું ધ્યાન ના અપાતું હોઈ 'ઓરમાયા' હોવાની લાગણી અનુભવાઈ રહી છે.

**- સમીર રામી,**
**મો. ૯૯૨૪૪૪૬૬૪૫**

## બીબીએ કૉલેજ દ્વારા હેબીટ્સ ઓફ સકસેસફુલ પિપલ વિષયે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૨૨

કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત બી.પી. કૉલેજ ઓફ બિઝનેશ ઍડ્મિનિસ્ટ્રેશન દ્વારા મેનેજમેન્ટનાં વિદ્યાર્થીઓને અભ્યાસમાં તેમજ અભ્યાસ બાદ વ્યવસાય તેમજ પોતાનાં વ્યક્તિગત જીવનમાં શિષ્ટાચાર- કેળવણી નું જ્ઞાન હોવુ આવશ્યક છે અને જેનાથી વિદ્યાર્થીઓનાં વ્યક્તિત્વનો વિકાસ થાય અને તેઓનું જીવન ઉચ્ચ મૂલ્યો સાથે સફળ બને તે હેતુથી વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેનો મુખ્ય વિષય હેબીટ્સ ઓફ સકસેસફુલ પિપલ હતો, જેમાં તૃતીય વર્ષ નાં ૧૩૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આજના આ વર્કશોપના મુખ્ય વક્તા અમેરિકા સ્થિત મી. કંદર્પ મહેતાએ વિદ્યાર્થીઓને તેમની અભ્યાસલક્ષી બાબતોને ધ્યાનમાં રાખી દોઢ કલાક સુધી આયોજનબદ્ધ રીતે માર્ગદર્શન આપ્યુ હતું. તેઓશ્રી ભારતીય પરમાણુ સંસ્થાનાં સભ્ય છે. તેમજ ભાભા ઍટોમિક રીસર્ચ સેંટરનાં ફેલો મેંબર છે અને હાલ કેનેડા ખાતે યૂ.ઑ આઈ.ટી સંસ્થા માં વૈજ્ઞાનિક તરીકે કાર્યરત છે. તેમના દ્વારા અનેક પુસ્તકો તેમજ રીસર્ચ પેપર વિજ્ઞાન તેમજ આધ્યાત્મીકતા પર લખાયેલા છે. જેનો લાભ વિદ્યાર્થીઓ તેમજ વાચકોને મળી રહ્યો છે. તેમાં તેમણે CAT, CMAT જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ, ઈંટરવ્યૂ તેમજ પ્રાઈવેટ કંપનીમાં નોકરી મેળવવા માટે ચાવીરુપ સૂચનો કર્યા હતા. વધુમાં તેમણે જણાવ્યુ હતું કે વિદ્યાર્થીકાળ દરમ્યાન આવતી સમસ્યાઓ ને કઈ રીતે નિવારી શકાય તેમજ વિદ્યાર્થીઓમાં શિસ્ત, હકારાત્મક અભિગમ અને આત્મવિશ્વાસ વધારી દરેક ક્ષેત્રે કેવી રીતે સફળતા મેળવી શકાય તે અંગે ચર્ચા કરી હતી. સાથે સાથે ધર્મ ને પણ તાર્કિક રીતે જોડી વિદ્યાર્થીઓને સમજાવ્યુ હતું. વિદ્યાર્થીઓને કૉર્પોરેટ જગતનાં ઍટીકૅટ્સ, ઔધોગીક ક્ષેત્રે આવતા પડકારોને પહોંચી વળવા અનેક સૂચનો કર્યા હતા. આ વર્કશોપના મુખ્ય વક્તાના પિતાશ્રી તેમજ ખ્યાતનામ મધુર ડેરીના મેનેજીંગ ડાયરેક્ટર શ્રી રોહિતભાઈ મહેતા સાહેબની વિશિષ્ઠ ઉપસ્થિતિ રહી હતી. વર્કશોપના અંત ભાગમાં તેઓશ્રીએ વિદ્યાર્થીઓને ઉચ્ચત્તમ કોર્પોરેટ પ્રેક્ટિસનર બનવા માટેની વિવિધ ટીપ્સ આપી પ્રોત્સાહિત કર્યા હતા. આ વર્કશોપને સફળ બનાવવા કોલેજના આચાર્ય શ્રી ડૉ.રમાકાન્ત પુષ્ટીના માર્ગદર્શન હેઠળ ટ્રૅનિંગ અને પ્લેસમેંટના હેડ ડૉ. જયેશ જે. તન્ના તેમજ સમગ્ર પ્રાધ્યાપકો અને નોન ટિચિંગ સ્ટાફે ખુબજ મહેનત કરી હતી.



## જૈન સોશ્યલ ગૃપ દ્વારા ટેલેન્ટ ઈવનીંગ કમ મ્યુઝીકલ નાઈટનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા આગામી તા.૨ ૪મી જાન્યુઆરીને રવિવારના રોજ રાત્રે ૮ થી ૧૨ કલાક દરમિયાન સેકટર-૧૭, ટાઉનહોલ ખાતે ટેલેન્ટ ઈવનીંગ કમ મ્યુઝીકલ નાઈટનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં સમસ્ત જૈન સમાજના સભ્યોને સહપરિવાર ઉપસ્થિત રહેવા ગૃપના પ્રમુખ મેહુલ દોશીએ જણાવ્યું છે.

# મોર્નિંગ વોકર્સથી ઉભરાતું પુનિત વન

## શિયાળાની સવારે સ્વાસ્થ્યની કાળજી રાખનારા વસાહતીઓ પુનિત વનના આહ્લાદક વાતાવરણને મનભરીને માણે છે

ગાંધીનગર, તા.૨૨

રાશિ અને નક્ષત્ર આધારિત સેકટર-૧૯નું પુનિત વન સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ ધરાવનારા વસાહતીઓમાં ખુબ લોકપ્રિય છે. વોકર્સ-જોગર્સ અને પ્રાણાયામ-યોગાસનો કરતા વસાહતીઓની મોટી સંખ્યા વહેલી સવારે અને સાંજે અહીં જોવા મળી જાય છે. પક્ષીઓના કલરવ વચ્ચે એકદમ આહ્લાદક વાતાવરણ ધરાવતું પુનિતવન ગાંધીનગરની એક આગવી ઓળખ સમાન છે.

ગાંધીનગરને શહેર ભલે કહેવાય પરંતુ અહીંની હરિયાળી, પ્રદુષણમુકત આહ્લાદક વાતાવરણ અને નિરવ શાંતિ શહેરને એક આગવી ઓળખ આપે છે. અહીં રહેતા વસાહતીઓ પોતાની જાતને અત્યંત ભાગ્યશાળી માને છે કે તેઓને અહીં રહેવા મળ્યું છે. સ્વાસ્થ્યની કાળજી રાખનારાઓ માટે ગાંધીનગરનું વાતાવરણ આર્શીવાદરૂપ છે. સેકટર-૧૯ સ્થિત પુનિતવનનું આહ્લાદક વાતાવરણ અને તેનું સૌંદર્ય શિયાળામાં એકદમ ખીલી ઉઠયા છે. નક્ષત્ર અને રાશિના આધારે ૨૦૦૫માં નિર્માણ કરવામાં આવેલ પુનિતવનમાં ૩૫૦૦થી વધુ વૃક્ષો અને છોડ ઉછેરવામાં આવ્યા છે. નક્ષત્ર વન, રાશિ વન, પંચવટી વન, બીલીવન અને નવગ્રહ વન આ સ્થળની પવિત્રતામાં વધારો કરે છે. શિયાળાની સવારે અહીં વોકર્સ, જોગર્સનો જાણે મેળો જામે છે. પ્રાણાયામ-યોગાસન કરતાં વિવિધ ગ્રુપ અહીં કલાકો સુધી બેઠક જમાવે છે. પુનિતવનની નિયમિત મુલાકાતે આવતા કેટલાક વસાહતીઓ અહીંના આહ્લાદક વાતાવરણનું વર્ણન કરતા કહે છે કે...

● હું અહીં ૯ વર્ષથી રોજ સાંજે ચાલવા આવું છું. અહીં ખૂબ જ શાંતિ અનુભવાય છે. પુનિત વન એ યોગ માટે શ્રેષ્ઠ સ્થળ છે. અહીંનું વાતાવરણ ખુબ જ સ્વચ્છ પ્રદુષણ મુકત અને સ્વાસ્થ્ય માટે ફળદાયી છે.

**- દક્ષા એમ. રામાનુજ**

● હું અને મારા પત્ની દરરોજ પુનિતવન આવીએ છીએ. રોજ ચાલીએ છીએ. પુનિતવનમાં સાથી મિત્રો સાથે વાતો કરતા ખૂબ આનંદ થાય છે. પુનિત વનનાં મિત્રોનો એક પરીવાર જ બની ગયો છે. અહીં આવવું અમારા માટે એક વ્યસન જેવું થઈ ગયું છે.

**- આર. જે. ત્રિવેદી (પ્રિન્સીપાલ, સ્વામી વિવેકાનંદ વિદ્યા વિહાર)**



● પુનિત વનમાં શાંત અને ખુશનુમા વાતાવરણ મળી રહે છે. પર્યાવરણની નજીક હોવાનો અહેસાસ થાય છે. વી આર પાર્ટ ઓફ નેચર. પર્યાવરણની સાથે રહીને સ્વાસ્થ્યનું ધ્યાન આપવું જોઈએ. ફીટનેસ ટ્રેનિંગ માટે આ સ્થળ ખુબ જ સારું છે. હજુ પણ સારી રીતે આ વનને વિકસાવી શકાય છે.

**- હેમાંગ પંચાલ (ફિટનેસ ટ્રેનર, સે-૨૧)**

● હું અહીં રેગ્યુલર દોડવા તથા કસરત કરવા આવું છું. કસરત માટે આ કુદરતી વાતાવરણ ધરાવતું પુનિત વન શ્રેષ્ઠ જગ્યા છે. અહીં ઓકિસજન સારા એવા પ્રમાણમાં મળી રહે છે. અહીં આવતા જ મન તાજગીભર્યું રહે છે.

**- ભરતભાઈ ઉપાધ્યાય**

● હું અહીં દોઢ બે વર્ષથી રેગ્યુલર દોડવા તથા કસરત માટે આવું છું. પુનિત વનનો જે ટ્રેક બનાવવામાં આવ્યો છે તે દોડવા માટે સારો છે. તેનાથી ઘુંટણના દુખાવાની સમસ્યા ઉભી થતી નથી

**- કૌશલ પ્રજાપતિ**

● પુનિતવનમાં ૫૦થી વધુ પ્રકારના વૃક્ષોનો ઉછેર કરવામાં આવ્યો છે. અહીંનું વાતાવરણ સ્વચ્છ અને શાંત છે. ઘણા લોકો રોજ ચાલવા આવે છે. પુનિતવનની એક ખાસિયત તરીકે બીલીવન છે જે શિવલિંગ આકારે બનાવવામાં આવ્યું છે.

**- હરગોવિંદભાઈ**

## માલિકનો સે-૧૯ સ્થિત પ્લોટ પચાવી પાડવા ચોકીદારનો પ્રયાસ

### ફર્જી કાગળો બનાવીને ચોકીદારે લાઈટબીલ મીટર પોતાના નામે કરાવી દીધું : પોલીસ ફરિયાદ

ગાંધીનગર, તા.૨૨

શહેરના પોશ વિસ્તાર ગણાતા સે-૧૯ ખાતેના પ્લોટને ખરીદીને માલિકે એક ચોકીદાર મુકયો હતો. આ ચોકીદારે ટોરેન્ટ પાવરમાં ફર્જી ડોકયુમેન્ટ આપીને લાઈટ બીલ મીટર પોતાના નામે કરાવી દીધું હતું. આ બાબત માલીકને ધ્યાને આવતા પ્લોટ માલીકે પ્લોટ પચાવી પાડવાનો પ્રયાસ કરનાર ચોકીદાર સામે ફરીયાદ આપતા સેકટર-૨૧ પોલીસે ગુનો દાખલ કરીને ઉંડી તપાસ શરુ કરી છે.

અમદાવાદ આંબાવાડી વિસ્તારમાં સ્થિત શ્રી રામચરણ બંગ્લોઝ ખાતે રહેતા પવનકુમાર રામજીલાલ અગ્રવાલે સેકટર-૧૯ ખાતેનો પ્લોટ નં. ૬૦ ખરીદ્યો હતો. ત્યારબાદ પવનકુમારે આ પ્લોટ મારે રઘુ અરજણભાઈ રબારીને ચોકીદાર તરીકે રાખ્યો હતો. સમય જતા રઘુ રબારીએ ફર્જી કાગળો બનાવ્યા અને આ પ્લોટ પોતાનો હોવાનું દર્શાવી પોતાના નામે ટોરેન્ટ પાવરમાંથી મીટર મેળવી લીધું હતું. આ બાબત પ્લોટ માલિક પવનકુમાર અગ્રવાલને ધ્યાને આવતા તેમણે ચોકીદાર રઘુ રબારી સામે પ્લોટ પચાવી પાડવાના પ્રયાસ અને વિશ્વાસઘાત સંદર્ભે ફરિયાદ આપતા સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરીને પીએસઆઈ અસારીએ ઝીણવટભરી તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. અમરતબેન પ્રતાપજી ડાભી, ઉ.વ. ૬૫
- સ્વ. પૂંજીબેન ભીખાભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૭૫